**વડીલોને વંદન**
**અભિનંદન**



ઘનશ્યામભાઈ એ. શુક્લ
(૧૯૪૦) ફોન : ૨૩૨૧૩૯૯૯

# મુંબઈમાં યોજાયેલા રોડ-શોને અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો

## મેઈક ઈન ઈન્ડિયા માટેના વડાપ્રધાનના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાત સમિટથી સંપૂર્ણ પ્રતિબદ્ધ : મુખ્યપ્રધાન

ગાંધીનગર, તા.૧૭

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે મુંબઈમાં ૪૦૦થી અધિક ધોગ-વેપાર ક્ષેત્રના અગ્રણી સંચાલકો સાથે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૫માં સહભાગી થવા અંગે યોજેલા રોડ-શોને ઉત્સાહસભર અપૂર્વ -તિસાદ -ાપ્ત થયો હતો. મુંબઈમાં યોજાયેલ આ રોડ-શો ઈન્ટરેકસન સત્રમાં યુ.એસ.એ. જાપાન, કેનેડા અને સિંગાપોરના કોન્સ્યુલેટ જનરલશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ આગામી જાન્યુઆરી-૨૦૧૫ માં યોજાનારી સાતમી વૈશ્વિક પૂંજીનિવેશકાર પરિષદની વિશિષ્ટ ભૂમિકા આપતાં જણાવ્યું કે, વેપાર-ઉદ્યોગોને -ોત્સાહક એવાં હરેક ક્ષેત્રમાં ગુજરાત મૈત્રીપૂર્ણ અને વિકાસશીલ નીતિઓ સાથે રાજકીય સ્થિરતાનો સમન્વય કરી આગળ વધી રહયું છે તેથી વિશ્વભરના અને ભારતના બહુધા રાજયોના રોકાણકારો માટે નોલેજ શેરીંગ પ્લેટફોર્મ બન્યું છે.

આ સંદર્ભમાં તેમણે રાજય સરકારે તાજેતરમાં જાહેર કરેલી આઈ.ટી. પોલિસી ઈ-ગર્વનન્સ પોલિસી અને ઈલેકટ્રોનિકસ પોલિસીની વિશદ છણાવટ કરતા ઉમેર્યું કે, વડા-ધાનશ્રીના ડિઝીટલ ઈન્ડીયા સાથોસાથ મેક ઈન ઈન્ડીયા'ના સંકલ્પને સાકાર કરવા ગુજરાત સંપૂર્ણતઃ -તિબધ્ધ છે.

શ્રીમતી આનંદીબહેન પટેલે ગુજરાત આધુનિકત્તમ આંતરમાળખાકીય સુવિધાઓ, સુદ્રઢ નીતિઓ તથા લઘુ-મધ્યમ કદ (MSME) ક્ષેત્રના ઉત્પાદનો દ્વારા મહત્તમ રોજગાર સર્જન અને દેશના કુલ ઘરેલુ ઉત્પાદનમાં ૭.૫ ટકા થી વધુ ફાળો આપી અફાટ વિકાસની સંભાવનાઓ સાકાર કરી રહયું છે અને ભારતના અર્થતંત્ર ઉપર -ભાવ પાથરી વૈશ્વિક અર્થતંત્ર ગ્લોબલ ઈકોનોમી ક્ષેત્રે પણ અગ્રેસર બનવા સક્ષમ છે તેની પાશ્ચાદભૂમિમાં તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૩માં વાયબ્રન્ટ સમિટની કરેલી પહેલને ઉત્તરોત્તર વૈશ્વિક -તિષ્ઠા મળતાં હવે ઈન્સ્ટીટયુશન લાઈઝડ સ્વરૂપે પૂર્ણતઃ વિકસી છે તેની સફળતા વર્ણવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના સામાજિક ક્ષેત્રો આરોગ્ય, શિક્ષણ, મહિલા સશકિતકરણ યુવા કૌશલ્ય સંપદા નિર્માણ જેવાં ક્ષેત્રોને પણ આગામી વાયબ્રન્ટ સમિટમાં આવરી લઈ સર્વગ્રાહી વિકાસની -તિબધ્ધતામાં પણ સૌની સહભાગીતા માટે અપેક્ષા વ્યકત કરી હતી.

શ્રીમતી આનંદીબહેને વડા-ધાનશ્રીના સ્કીલ ઈન્ડીયા-કલીન ઈન્ડીયાના બે મહત્વપૂર્ણ આયોજનોમાં ગુજરાત યુવાશકિત રોજગાર અને સ્વચ્છતા અભિયાનમાં જનભાગીદારી -રિત કરીને અગ્રીમ સહયોગી બન્યું છે તેમ ઉમેર્યુ હતું.

તેમણે સ્વચ્છ ભારત-સ્વચ્છ ગુજરાત અને સ્વસ્થ ગુજરાત માટે શૌચાલય નિર્માણ, સ્વચ્છતા-સફાઈ જેવા જનઆંદોલનોમાં સમાજ દાયિત્વ નિભાવવામાં પણ ધોગ ગૃહોના સહયોગની સરાહના કરી હતી.

વાયબ્રન્ટ સમિટ-૨૦૧૫ પણ આ સમાજસેવા ક્ષેત્રમાં દાયિત્વ નિભાવશે તેવી અપેક્ષા તેમણે દર્શાવી હતી. ઉદ્યોગ મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે ગુજરાત હવે વિશ્વના ખૂણે-ખૂણેથી ઔદ્યોગિક રોકાણકારો માટે -થમ પસંદગીનું સ્થળ બન્યું છે તેનો શ્રેય વિકાસની સાતત્યપૂર્ણ નીતિઓ, સુસંગત -ોત્સાહનો અને મહિલા મુખ્યમંત્રીશ્રીના ગતિશીલ નેતૃત્વને આપ્યો હતો.

ગુજરાત મેન્યુફેકચરીંગ હબ બન્યું છે અને દેશ-વિદેશના પૂંજીનિવેશકો આ ક્ષેત્રે ધોગ-રોકાણો માટે આગળ આવી રહયા છે તેની વિગતો આપતાં શ્રી સૌરભભાઈએ કહયું કે રાજયનું મેન્યુફેકચરીંગ સેકટર કુલ GSDP માં ૨૮.૨ ટકા હિસ્સો ધરાવે છે. ૨૦૧૭ સુધીમાં તે ૩૨ ટકાએ પહોચાડવાની રાજય સરકારની -તિબધ્ધતામાં વાયબ્રન્ટ સમિટ-૨૦૧૫ નવું દિશા દર્શન બનશે.

-ારંભમાં મુખ્ય સચિવશ્રી ડી. જે. પાંડિયને સૌને આવકારી વાયબ્રન્ટ સમિટ-૨૦૧૫ના વિશિષ્ટ પહેલુઓ -સ્તુત કર્યા હતા. ઉદ્યોગ અગ્ર સચિવશ્રી અતનુ ચક્રવર્તીએ વાયબ્રન્ટ સમિટ-૨૦૧૫ની વિગતવાર ભૂમિકા સાથે -ઝન્ટેશન -સ્તુત કર્યું હતું.

## અનુસૂચિત નિગમના અધ્યક્ષ બુધવારે પદ ગ્રહણ કરશે

ગાંધીનગર, તા.૧૭

ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમના અધ્યક્ષ તરીકે પ્રવિણભાઈ જે. પંડયાની રાજય સરકાર દ્વારા નિમણુંક કરવામાં આવી છે. અધ્યક્ષ તરીકે વિધિવત હોદ્દો તા. ૧૯ નવેમ્બરના રોજ બપોરે ૧૨-૦૦ વાગે જૂના સચિવાલય ખાતે સંભાળશે. આ પ્રસંગે ગુરુબ્રાહ્મણ સમાજને મોટી સંખ્યામાં શુભેચ્છા આપવા ઉપસ્થિત રહેવા દુષ્યંત શ્રીમાળી અને સુખાનંદ શ્રીમાળીએ જણાવ્યું છે.



પ્રાંતિજના ખેડૂતોને ખેત પેદાશના પોષણક્ષમ ભાવો ન મળતા ભારતીય કિસાન સંઘની આગેવાનીમાં ખેડૂતોએ પ્રાંતિજ મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## ચિત્રાસણી પાસે દૂધ મંડળીના મંત્રીને માર મારી રૂ. ૬.૮૦ લાખની લૂંટ થતા ચકચાર

પાલનપુર, તા.૧૭

પાલનપુર તાલુકાના ચિત્રાસણી હાઈવે પર આજે વહેલી પરોઢીયે રૂ. ૬.૮૦ લાખની લૂંટ થતા ચકચાર મચી જવા પામી હતી. જશપુરીયા દૂધ મંડળીના મંત્રીને માર મારી બે અજાણ્યા શખ્સોએ લૂંટ ચલાવીને ફરાર થઈ જતા પોલીસ પણ દોડતી થઈ ગઈ હતી.

પાલનપુર-આબુ હાઈવે પર ચિત્રાણી પાસે એક વળાંક નજીક સવારે પોણા છ વાગ્યાના સુમારે લુંટની ઘટના બની હતી. જશપુરીયા ગામની દૂધ મંડળીના મંત્રી ત્રિભોવનભાઈ રણછોડભાઈ પ્રજાપતિ રૂ. ૬.૮૦ લાખની રકમ થેલીમાં લઈને બાઈક પર જઈ રહ્યા હતા ત્યારે અંદાજે પાંત્રીસેક વર્ષના બે અજાણ્યા શખ્સો મોઢે રૂમાલ બાંધી સામે આવી ધસ્યા હતા અને ધોકા મારી બાઈક પાડી દઈ મંત્રીને માર મારી લુંટ ચલાવી ફરાર થઈ ગયા હતા.

ઘટનાની જાણ થતા તાલુકા પોલીસનો કાફલો દોડી આવ્યો હતો અને લૂંટના ભોગ બનનાર દૂધ મંડળીના મંત્રીની ફરિયાદને આધારે બે અજાણયા શખ્સો સામે ગુનો નોંધી વધુ સાહેદોના નિવેદનો નોંધવાનો દોર જારી કરી વધુ તપાસ હાથ ધરી હોવાનું પી.એસ.આઈ. એ.આર. વાળાએ જણાવ્યું હતું. લૂંટારુઓએ માર મારતા દૂધ મંડળીના ઈજાગ્રસ્ત મંત્રીને પાલનપુરના ઓર્થોપેડીક તબીબ ડૉ. એચ. કે. ગોસ્વામીની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.




ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં સ્થિત વાસણા રાઠોડ ગામમાં દારૂ-બિયરનો જથ્થો ઉતારવા મીની ટ્રક આવ્યો હોવાની બાતમીને આધારે રાત્રે દહેગામ પોલીસે દરોડો પાડીને મોટો જથ્થો પકડી પાડયો છે. વાસણા રાઠોડના બુટલેગર દશરથ દોડીયાને ત્યાં માલ ઉતારવાની તૈયારી ચાલતી હતી ત્યારે પોલીસ પહોંચી જતા ડ્રાઈવર તથા બુટલેગર સહિત ત્રણેય નાસી ગયા હતાં. દારુ બિયરનો જથ્થો પંખાના બોકસની આડમાં સંતાડવામાં આવ્યો હતો. પોલીસે રૂ. ૨૩.૦૬ લાખના પંખા, ૩ લાખની મીની ટ્રક અને દારુ-બિયરની ૨૩૫ પેટી કિંમત રૂ. ૯,૪૦,૮૦૦નો મુદ્દા માલ મળીને કુલ રૂ. ૩૫.૪૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી વોન્ટેડ ત્રણેયની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

## આજથી રાજ્યમાં કોમી એકતા સપ્તાહ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૭

કેન્દ્રીય ગૃહ મંત્રાલય હેઠળના રાષ્ટ્રીય સાંપ્રદાયિક સદ્ભાવ પ્રતિષ્ઠાન દ્વારા દેશમાં કોમી સદભાવના અને રાષ્ટ્રીય એકતાના વિકાસ માટે પ્રતિવર્ષની જેમ ચાલુ વર્ષે તા. ૧૯ થી ૨૫ નવેમ્બર-૨૦૧૪ દરમિયાન કોમી એકતા સપ્તાહ તેમજ આ સપ્તાહ ૨૫મી નવેમ્બરે ધ્વજદિનની ઉજવણી કરવામાં આવશે.

સપ્તાહ દરમિયાન યોજનાર વિવિધ દિવસોની ઉજવણીમાં તા. ૧૯મીએ રાષ્ટ્રીય સંગઠન દિવસ ઉજવાશે જેમાં બિનસાંપ્રદાયિકતા, કોમવાદ વિરોધી અને અહિંસા જેવા વિષયો સંબંધી બેઠકો અને વિવિધ પરિસંવાદો, તા. ૨૦મીએ લઘુમતી કલ્યાણ દિવસ ઉજવાશે જેમાં ૧૫ મુદ્દાના કાર્યક્રમ ઉપર ભાર મુકાશે. તા. ૨૧મીએ ભાષાશાસ્ત્ર સુમેળ દિવસ ઉજવાશે જેમાં ભારતના દરેક પ્રદેશોના ભાષા વારસાને પ્રોત્સાહન માટે વિવિધ સાહિત્ય અને તેને અનુરૂપ કવિ સંમેલનો યોજાશે.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

કેન્દ્ર સરકાર દ્વારા સીસીઆઈ કેન્દ્રો પર ખરીદવામાં આવતા કપાસ અને મગફળીના ભાવમાં વધારો કરવાની માગણી કરી ખેડૂતો દ્વારા ખેડબ્રહ્મા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ અંગે કિસાન સંઘના મંત્રી દિનેશભાઈ પટેલના જણાવ્યા મુજબ કેન્દ્ર સરકાર દ્વારા સીસીઆઈ કેન્દ્રો પર ભાવ ખૂબ નીચો આપવામાં આવી રહ્યો છે. ખેડૂતો દ્વારા ઉત્પાદન કરવા કરેલા ખર્ચાનો આંક વધુ છે. ચાલુ સાલે કપાસમાં સુકારાનો રોગ આવવાથી ઉત્પાદનમાં માઠી અસર થવા પામી છે. ખર્ચ સામે ઉત્પાદન ઘણુ ઓછુ થયુ છે. ખેડૂતોએ સવારે માર્કેટયાર્ડમાં સભા કરી ત્યાંથી લક્ષ્મીપુરા ચાર રસ્તા પર રસ્તા રોકો આંદોલન કરવામાં આવ્યું હતું.

## મોઢાસણ ગામે તાંત્રિક વિધિ કરતા તાંત્રિકોનો જમાવડો : ગ્રામજનોમાં ખળભળાટ

મોડાસા, તા. ૧૭

'દુનિયા કોમ્પ્યુટરથી વાઈફાઈ સુધી જ્યારે ભારતના ગામડાના લોકો મોબાઈલથી ચાર રસ્તા સુધી' અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના અતિ મહત્વના અને જાણીતા મોઢાસણ ગામના બસ સ્ટેન્ડ ચાર રસ્તા ઉપર ગઈકાલ રાત્રે કેટલાક સંદિગ્ધ તાંત્રીકો દ્વારા તાંત્રિક વિધિ કરી તાંત્રીક વિધિનો સરસમાન જાહેર સ્થળે છોડીને જતા રહેતા ગામલોકો તથા આજુબાજુના ગામડાના લોકોમાં કુતુહલ સાથે ભયભીત બન્યા છે.

આજે દુનિયા ભલે વાઈ-ફાઈ પર પહોંચતી હોય કે ચંદ્ર પર પહોંચતી હોય પરંતુ મેઢાસણ ગામની કે પછી અજ્ઞાની ભારતના લોકો હજી કઈ દિશામાં જીવે



(તસવીર : જય અમીન, મોડાસા)

માણસોની અંધશ્રદ્ધા ચાર રસ્તે દેખાય છે. મેઢાસણ ગામમાં ચાર રસ્તે કોઈ અઘોરી બાવાઓએ કે ભુવાઓ દ્વારા મેલી વિદ્યા કરી હોય તેમ ચૌરે ને ચૌટે ચર્ચાઈ રહ્યું છે. દસથી પંદર નાળિયેર, લાલ-લીલા કપડા, કઠોળ, બોટલો, ફુલ, ફળફળાદી, પુજાપાનો સામાન, મકાઈ બાજરાના લોટમાંથી બનાવેલા મનુષ્ય, પ્રાણીઓના પુતળા વગેરે તાંત્રીક વિધિનો સામન નજરે પડે છે. કોઈકનું ભૂત ઉતારવા કોઈકના ઘરનો ભોગ લેવાશે કે શું? શુ આ ભુત-પિચાશ ડાકણ વગેરેનું અસ્તિત્વ ખરેખર છે કે શું? શુ આવી માયાવી પેદાશ ભુત-ડાકણ વગેરેનું આ દુનિયામાં અસ્તિત્વ છે, શું આવી કહેવાતી અંધશ્રદ્ધારૂપી માનવીય પેદાશ દુનિયાની જીવસૃષ્ટિને કે પછી મનુષ્ય જાતને હેરાન-પરેશાન કરે છે. વડાપ્રધાન ઓસ્ટ્રેલિયાની યાત્રાએ છે. વિદેશના લોકો પણ તેમને 'એ મેન ઓફ ટેકનોલોજી' થી ઓળખે છે ત્યારે છે, તેવા વિચારમાત્ર આમ નાગરિકોને થથરાવી મુકે છે. આઝાદીના આટલા વર્ષો પછી પણ ગામડાના લોકો માંદગી વખતે કે પછી પાક નિષ્ફળ જાય કે વરસાદ ન પડે તો લોકો ભુવાઓ અને તાંત્રિકો પાસે દોડી જાયછે. સામાન્ય તાવ આવે તો પણ ભુવા પાસે દોડી જાય છે. સર્પદંશ હોય કે પછી કોઈ જીવલેણ રોગ હોય તો પણ ભુવા પાસે દોડી જવાની વૃત્તિ આપણી ગ્લોબઝાઈશન હરણ ફાળને કંઠીત કરે છે. આજે દુનિયા જ્યારે મંગળ પર મકાન બનાવીને રહેવાની વાતો કરે છે ત્યારે હજુ ગામડાની અંધશ્રદ્ધાળુ પ્રજા દોરા-ધાગા, ભુવાઓની ચૂંગાલમાં સપડાયેલી જોવા મળે છે. અરવલ્લી જિલ્લાના અંતરીયાળ આદિવાસી તાલુકાઓ ભીલોડા અને મેઘરજની પ્રજા તો હજુ પણ મહિલાઓમાં ડાકણ પ્રવેશી ગઈ છે અને આ ડાકણ મહિલા આખા ગામને ભરખી જશે અને આવી ઘટનાઓ રોજ-બરોજ બને છે.

## દર સૌથી નીચો

● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લામાં ૫૭ ગામો એવા છે જ્યાં પાંચ હજાર કરતાં વધુ વસ્તી નોંધાઈ છે. આ પૈકીના દસ ગામો એવા છે જ્યાં ૧૦ હજાર કરતાં વધુ અને ૧૮ હજારથી ઓછી વસ્તી નોંધાયેલી છે.

વસ્તી ગણતરીના જે ચોંકાવનારા તારણો આવ્યા છે તેમાં જિલ્લામાં ખેડૂતો અને ખેતમજૂરોની સંખ્યામાં ઘટાડો એ હકીકત બની છે. ખેડૂતોની સંખ્યામાં ચાર હજાર કરતાં વધુ ઘટાડો ૨૦૦૧ થી ૨૦૧૧ દરમ્યાન નોંધાયો છે. તો ખેત મજૂરોની સંખ્યામાં ૧૩ હજારનો ઘટાડો આ દસકામાં નોંધાયો છે.

વસ્તી ગણતરીના પરિણામમાં સૌથી વધુ ચોંકાવનારૂ અને ચિંતાજનક પરિણામ એ નોંધાયું છે કે, કલોલ તાલુકામાં ગ્રામ્ય વિસ્તારમાં ૩.૬ ટકા અને ગાંધીનગર તાલુકામાં ગ્રામ્ય વિસ્તારમાં ૨૯.૦૫ ટકા માઈનસ ઘટાડો નોંધાયો છે. અર્થાત્ અહિ વસ્તીમાં આ ઘટાડો જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૮.૮ ટકા નોંધાયો છે.

ગાંધીનગર તાલુકામાં પુરૂષોની વસ્તીમાં ૩ ટકા અને સ્ત્રીઓની વસ્તીમાં ૦.૭ ટકાનો ઘટાડો નોંધાયો છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારમાંથી પુરૂષો મોટી સંખ્યામાં અન્ય જિલ્લામાં રોજગારી માટે ગયા છે અને તેની સામે સ્ત્રીઓની સંખ્યામાં ઘટાડો ઓછો જરૂર નોંધાયો છે. ગાંધીનગર તાલુકામાં ૧.૯ ટકાના દરે વસ્તી વધારો છેલ્લા દસકામાં જોવા મળ્યો છે.

શહેરી વિસ્તારમાં ૨૮.૫ ટકાના દરે વસ્તી વધારો નોંધાયો છે. જિલ્લામાં જે ૪.૩૦ ટકા વસ્તી વધી છે તેમાં પુરૂષોની વસ્તી ૩.૭૦ ટકા છે જ્યારે સ્ત્રીઓની વસ્તી ૪.૯ ટકા વધી છે.

જિલ્લામાં ગાંધીનગર તાલુકો એક માત્ર એવો તાલુકો છે જ્યાં ગ્રામ્ય વિસ્તારમાં ૩૫.૭૬ ટકા વસ્તી વસે છે, જ્યારે શહેરી વિસ્તારમાં ૬૪.૨૪ ટકા વસ્તી વધે છે. સૌથી ઓછી શહેરી વસ્તી ધરાવતો તાલુકો માણસા છે. જ્યાં ૧૪.૬૯ ટકા વસ્તી શહેરી વિસ્તારમાં છે આ પછી દહેગામ તાલુકો આવે છે જ્યાં ૧૫.૮૭ ટકા વસ્તી શહેરી વિસ્તારમાં નોંધાઈ છે. કલોલ તાલુકામાં ૪૭.૦૬ ટકા વસ્તી શહેરી વિસ્તારમાં નોંધાઈ છે.

જિલ્લામાં કુલ ૩,૬૧,૨૫૯ લોકો આજે પણ નિરક્ષર છે. જેમાં ૨,૨૨,૧૫૩ લોકો ગ્રામ્ય વિસ્તારમાં વસે છે. તો ૧,૩૪,૧૦૬ લોકો શહેરી વિસ્તારમાં વસે છે. આ નિરીક્ષરોમાં પણ પુરૂષોની સંખ્યા ૧,૪૧,૧૭૮ છે જ્યારે સ્ત્રીઓની સંખ્યા ૨,૨૦,૨૮૧ છે.

આખા જિલ્લામાં સૌથી વધુ નિરીક્ષર ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે. જેની સંખ્યા ૧,૩૩,૫૫૪ છે, જ્યારે સૌથી ઓછા નિરક્ષર માણસા તાલુકામાં ૫૨,૭૬૩ છે.

ગાંધીનગર તાલુકો જિલ્લાનો એવો તાલુકો છે જ્યાં સૌથી વધુ નિરક્ષર લોકો શહેરી વિસ્તારમાં નોંધાયા છે અને તેમની સંખ્યા ૭૫,૯૫૭ છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં તે સંખ્યા ૫૬,૫૯૭ છે. ગાંધીનગર તાલુકામાં ૫૨,૮૩૬ પુરૂષો નિરક્ષર અને ૮૦,૭૧૮ સ્ત્રીઓ નિરીક્ષર જણાયેલ છે.

## શબ્દાવલી - ૫૫૬૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | ૫ | |
| | ■ | ૬ | | | | | ■ |
| ૭ | ૮ | | ■ | ■ | | ■ | ૯ |
| ૧૦ | | ■ | ૧૧ | ૧૨ | | ■ | |
| ૧૩ | | ■ | ૧૪ | | ■ | ૧૫ | |
| | ■ | ૧૬ | | | ■ | ૧૭ | |
| ■ | ૧૮ | | ■ | ■ | ૧૯ | | |
| ૨૦ | | | ■ | ૨૧ | | | ■ |

### આડી ચાવી

૧. ગાલપચોળુ (૪)
૪. ખુબ મોટું, વિરાટ (૩)
૬. ગ્રહનક્ષત્ર વગેરે સંબંધી શાસ્ત્ર(૫)
૭. દબલ, સબળ... (૩)
૧૦. ચારિત્ર્ય (૨)
૧૧. પીડા, વિપદા (૩)
૧૩. ગાય મારે શીંગડા અને ગધેડા મારે (૨)
૧૪. ઘોષ, ધ્વનિ (૨)
૧૫. નિયમ, પ્રતિજ્ઞા (૨)
૧૬. રાક્ષસી, પિશાચી (૩)
૧૭. રાખ, રખ્યા (૨)
૧૮. કાલનું કામ... કરો, આજનું અત્યારે (૨)
૧૯. ઉગ્ર, આકરું (૩)
૨૦. જાર-બાજરીનું સુકા સાંઠા(૩)
૨૧. સુસ્તી, એકીપણું (૩)

### ઊભી ચાવી

૧. એક પ્રકારના લાડવા (૬)
૨. મસ્તી, અટકચાળુ (૩)
૩. યુગ પછી યુગ વીતતા જાય તેને... સુધી કહેવાય (૨)
૪. નિપુણ, ચતુર (૪)
૫. ધર્મગ્રંથ (૨)
૮. બગલથેલો, થેલો (૩)
૯. માણસની ઊંચાઇનો (૫)
૧૧. પ્રલય, નાશ (૩)
૧૨. પદ, હોદ્દો, ઇલ્કાબ (૩)
૧૫. ખુલ્લા, શુદ્ધ દિલનું (૪)
૧૬. પાયલ, ઝાંઝર (૩)
૧૮. આડુ તિલક, પિયળ (૨)
૧૯. પાણી, નીર (૨)

### શબ્દાવલી ૫૫૬૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) સંપત્તિ (૪) ચપરાશી (૭) બંદર (૮) ટાપશી (૯) થડકો (૧૧) ભવ (૧૪) નવિન (૧૫) ખોરાક (૧૭) પુષ્પ (૧૮) દમક (૧૯) સોસ (૨૧) બકવાસ (૨૩) મર્કટ (૨૪) મારો

**ઊભી ચાવી :-** (૧) સંબંધી (૨) પદ (૩) તિરથ (૪) ચટાકો (૫) પપ (૬) રાશીભવિષ્ય (૧૦) ડગ (૧૨) વન (૧૩) આરામ (૧૪) નપુસક (૧૫) ખોદકામ (૧૬) કકળાટ (૧૯) સોબત (૨૦) સોંસરો (૨૨) વામા

## કંપની સમાચાર
### ગુજરાતમાં કોમ્પ્યુટરનો વ્યાપ વધારવા ધ્યેય સાથે લેનોવોએ પહેલની ઘોષણા કરી

વિશ્વની નંબર વન પીસી કંપની લેનોવોએ ભારતમાં કોમ્પ્યુટરનો વ્યાપ વધારવાની પહેલની ઘોષણા કરી છે, જે અત્યારે માત્ર ૧૦ ટકા છે અને જે વિકાસશીલ દેશોમાં વિયેતનામ (૧૬ ટકા), સાઉથ આફ્રિકા (૧૮ ટકા), તુર્કી (૪૯ ટકા) અને મલેશિયામાં (૬૪ ટકા) પણ સૌથી ઓછો છે. આ કાર્યક્રમ ભારતને ડિઝિટલ એમપાવર્ડ (સક્ષમ) સમાજમાં પરિવર્તિત કરવાનું ધ્યેય ધરાવતા વિશાળ 'ડીઝીટલ ઈન્ડિયા' કાર્યક્રમ તરફ લેનોવોનું નોંધપાત્ર કદમ ઠે. આ પહેલના ભાગરૂપે, લેનોવા ગુજરાતના ૨૬ નગરોના યુવાઓમાં કોમ્પ્યુટરની પહોંચ વધારવા માટે એન્ડ-ટુ એન્ડ પેકેજ ઉપલબ્ધ કરાવશે. તેમાં આકર્ષક નાણાંકીય યોજનાઓ, ઈન્ટરનેટનો ઉપયોગ (એકસેસ) અને તેની જાગૃતિ માટે વિશાળ પ્રમોશનનો સમાવેશ થાય છે.

આવનાર પાંચ વર્ષ ભારત વિશ્વનું સૌથી યુવા રાષ્ટ્રમાંથી એક બનશે પણ વૃદ્ધિ પામી રહેલ યુવાઓ જેઓ કોમ્પ્યુટરનો ઉપયોગ કે પહોંચ નથી ધરાવતા તે રાષ્ટ્રીયહિત માટે સમસ્યા બની રહી છે. ગ્રાહક માત્ર રૂ. ૩૦૦૦ થી શરૂ થતુ ડાઉનપેમેન્ટ ચુતવીને અને બાકીની રકમ વ્યાજ વગરના ઈએમઆઈ દ્વારા ચુકવીને પીસીની માલિકી મેળવી શકે છે. આ ચુકવણી વ્યાજ મુક્ત મલ્ટીપલ (કેટલાય) ઈએમઆઈમાં વિભાજીત કરી શકાય છે.

## વર્કશોપનો પ્રારંભ...

● ત્રીજા પાનાનું ચાલુ

હેતુ સોલાર પ્લાન્ટમાં કામ કરતા કામદારોને શિક્ષણ તથા તાલીમ આપતા વર્ગને પ્રશિક્ષિત કરવાનો છે. આ પ્રકારના વર્કશોપ ભારતમાં અન્ય સ્થળોએ પણ યોજવામાં આવશે, કારણ કે દેશણાં સોલાર પાવર પ્લાન્ટનું સંચાલન કરી શકે એવા કામદારોની તાતી જરૂરિયાત છે.

એરીઝોના સ્ટેટ યુનિવર્સિટી દ્વારા વોકટેક પ્રોગ્રામનું દુનિયાના વિવિધ ભાગોમાં આયોજન કરવામાં આવે છે અને ભારતમાં સૌ પ્રથમ વાર આ પ્રોગ્રામનું ગુજરાતમાં જર્મી, ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યુંછે. વોકટેકના 'ટ્રેઈન-ધ-ટ્રેઈનર' પ્રોગ્રામમાં પર્યાવરણલક્ષી એકમોમાં ક્લિન એનર્જી ટેકનોલોજીનો ઉપયોગ કરી રિન્યુએબલ એનર્જી સિસ્ટમની સ્થાપના, સંચાલન અને માવજત કઈ રીતે કરવી તેની ઘનિષ્ઠ શૈક્ષણિક તાલીમ આપવામાં આવે છે. આ વર્કશોપથી દેશમાં સોલર ટેકનિશ્યનન્સને શિક્ષણ આપતી તાલીમ ક્ષમતા ઉભી થશે અને તે સોલર ટેકનિશ્યનોને ટેકનિકલ દ્દષ્ટીએ પુરતી અને અસરકારક તાલિમ આપશે. ક્લાસરૂમ તાલિમની સાથે સાથે એપ્લાઈડ ટેકનિશ્યન્સને પુરક પ્રેક્ટીકલ તાલિમ પણ આપવામાં આવશે. એમાં પ્રવચનો પ્રયોગો અને નિદર્શન પણ આવરી લેવામાં આવશે.

આ વર્કશોપ ઈલેક્ટ્રિકલ અથવા તો સમાન પ્રકારના એન્જીનીયરીંગ પ્રોગ્રામમાં યુનિવર્સિટીના અથવા વોકેશનલ ઈન્સ્ટીટ્યુટના સ્નાતકો હોય અથવા તો સરકારમાં કામ કરતા હોય તેવા સોલર ફોટોવોલેટીક એજ્યુકેટર્સ માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે. ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ભુવનેશ્વર અને નવી દિલ્હીની સંસ્થાઓમાંથી ૨૦ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી હતી. ભાગ લેનારી સંસ્થાઓમાં એમએસ યુનિવર્સિટી, એલડી કોલેજ ઓફ એન્જીનીયીંરગ, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન, સેપ્ટ, વર્લ્ડ ઈન્સ્ટિટ્યુટ ઓફ સોલર એનર્જી, આઈઆઈટી, મુંબઈ, સોલર એનર્જી સેન્ટર-એમએનઆરઈ અને અન્ય સંસ્થાઓનો સમાવેશ થાય છે.

**ગુજરાત સાહિત્ય અકાદમી**
અભિલેખાગાર ભવન, સેક્ટર-૧૭, ગાંધીનગર

**જાહેરાત**

ગુજરાત સાહિત્ય અકાદમી અને તેની સાથેની સંસ્કૃત, હિન્દી, સિંધી, ઉર્દૂ અને કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓ / શહેરોમાં અને ગુજરાત બહારના રાજ્યોમાં પણ પુસ્તકો, હસ્તપ્રતો, ટપાલો અને અન્ય ચીજ વસ્તુઓ કુરીયર દ્વારા મોકલવામાં આવે છે. આ માટે ગાંધીનગર શહેરના આ બાબતે રસ ધરાવતી સંસ્થાએ આ અંગેના ભાવ નીચે જણાવેલ નિયત નમૂનામાં પોતાના લેટરપેડ ઉપર લખીને ગુજરાત સાહિત્ય અકાદમીને તા. ૩૦/૧૧/૨૦૧૪ સુધીમાં બંધ કવરમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.

| અંતર/ વજન | ૧૦૦ ગ્રામ સુધી | ૨૫૦ ગ્રામ સુધી | ૨૫૦થી ૫૦૦ સુધી | ૫૦૦થી ૧ કિગ્રા સુધી | પાર્સલ (કિ.ગ્રા પ્રમાણે) |
|---|---|---|---|---|---|
| લોકલ | | | | | |
| ગુજરાત | | | | | |
| મુંબઈ | | | | | |
| ભારતના અન્ય શહેરો | | | | | |

સહી/-
(ચેતન શુક્લ)
મહામાત્ર
ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર